| | Bhakta Kavi Narsinh Mehta University<br>Govt. Polytechnic College Campus, Bilkha Road, Khadiya,<br>**Junagadh**<br>Ph. : (O) 0285-2681400 Fax : (0285) 2681503<br>Website : http://www.bknmu.edu.in E-mail : registrar@bknmu.edu.in |
|---|---|

# પરિપત્ર

વિષય :- આગામી ઓકટોબર-૨૦૧૭ માં લેવાનાર **C.B.C.S.** (ચોઈસ બેસ્ડ ક્રેડીટ સીસ્ટમ) અંતર્ગત નીચે દર્શાવેલ સેમ.૧ રેગ્યુલર/પુરક ની પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી શરૂ કરવા બાબત.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજનાં માન. આચાર્યશ્રીઓ સર્વે સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે, સેમ.-૧ રેગ્યુલર/પુરક ની પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી તા. ૨૯/૦૯/૨૦૧૭ થી તા. ૧૦/૧૦/૨૦૧૭ સુધી સંબંધીત ભવન-કોલેજો દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરી શકશે. ત્યારબાદ તા. ૧૩/૧૦/૨૦૧૭ સુધી લેઇટ ફી રૂ. ૫૦૦ સાથે પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

નોંધ : (૧) સેમ. ૧ ના વિદ્યાર્થીની સ્પોર્ટસ અને કલ્ચર ફી જમા કરવાવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની ફી પરીક્ષા ફોર્મની સાથે જમા કરાવવાની રહેશે. ત્યારબાદ જ પરીક્ષા ફોર્મ સ્વિકારવામાં આવશે. (પરીક્ષા ફોર્મ ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ કુલસચિવશ્રી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢના નામે કઢાવીને જમા કરાવવાની રહેશે.)

(૨) બી.કોમ / બી.બી.એ. (કોમ્પ્યુટર) વિષય હોય તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા ફી + રૂ. ૫૦/- પ્રેકટીકલ પરીક્ષા ફી લેવાની રહેશે.

(૩) ભારત સરકારના ડિઝીટલ ટ્રાન્ઝેક્શન અનુસાર તમામ પરીક્ષા ફી ની રકમ " <u>રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ</u>" નામનો જ ડી.ડી. કઢાવવાનો રહેશે અથવા <u>ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડ</u>થી પણ ફી સ્વિકારવામાં આવશે. રોકડેથી કોઇ પણ પ્રકારની ફી સ્વિકારવામાં આવશે નહિ જેની સંબંધિત સર્વોએ નોંધ લેવી.

<u>અગત્યની નોધ : જે વિધાર્થીઓના શરતચૂકથી એનરોલ્મેન્ટ તેમજ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ કઢાવવાના રહી ગયા હોય તેવી કોલેજો દ્વારા નિયમોનુસાર ફી ભરી તાત્કાલીક પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે. તેમજ અન્ય વિધાર્થીઓને એનરોલ્મેન્ટ ક્વેરી રૂબરૂમાં જે તે સંસ્થા દ્વારા તાત્કાલીક ક્વેરી સોલ્વ કરી પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે.</u>

<u>ઓનલાઈન એન્ટ્રી માટે યુનિવર્સિટીની વેબસાઈટ</u>

- www.bknmu.gipl.net નો ઉપયોગ કરવો.

<u>ખાસ જણાવવાનું કે, ઉપર્યુક્ત ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ</u> (ફી + રૂ. ૫૦૦) બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતી છે.

ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ <u>બાદ દિવસ ત્રણમાં</u> ફી મેમો તથા પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગમાં આપવાની રહેશે અને પરીક્ષા ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

➢ નોંધ : ઓનલાઈન એન્ટ્રીની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ બાદ ત્રણ દિવસ સુધી પરીક્ષાર્થીઓના આવેદનપત્રો પેનલ્ટી ફી (ફી + રૂ. ૫૦૦ + રૂ. ૧૫૦૦) સાથે કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં રૂબરૂ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ લેવી.

➢ આ પરિપત્ર તથા ઉક્ત પરીક્ષાના કોરા આવેદનપત્રો યુનિવર્સિટીની વેબસાઈટ www.bknmu.edu.in માંથી ડાઉનલોડ કરી શકશો.

➢ જે વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાન્ટ ન થતી હોય તેમજ પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક થતાં હોય તેવા વિદ્યાર્થીઓની એક યાદી કોલેજ લેટર પેડ પર આચાર્યશ્રીની સહી સાથે પરીક્ષા શરૂ થવાના બે સપ્તાહ પૂર્વે અચૂક થી મોકલી આપવી જેથી કરીને તેમની લેવાનાર થીયરી પરીક્ષા રદબાતલ થશે. આ અંગે સઘળી જવાબદારી કોલેજની રહેશે. હાલ જે પરીક્ષાના ફોર્મ ભરવામાં આવનાર છે તે માત્ર વ્યવસ્થા ના ભાગરૂપે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી રહી છે.

➢ હવે કોઈપણ પત્ર વ્યવહાર આ વિભાગ દ્વારા કરવામાં આવશે નહી અને આ અંગેના તમામ પરિપત્રો નીચે દર્શાવેલ વેબસાઈટ પર મુકવામાં આવશે જે સમયાંતરે આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીએ જોઈ અને અમલમાં મુકવાના રહેશે.

  ➢ www.bknmu.edu.in

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૦૨/૪૨૯૦/૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૨૮/૦૯/૨૦૧૭.

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી.સેન્ટરના વાડાઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીનાઅંગત સચિવશ્રી,

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઈ.ટી. સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે
(2) એકાઉન્ટ શાખામાં જાણ અર્થે.